જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૩/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૫ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૨૨૨ લીટર દેશી દારૂ, ૧૦,૬૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૯૨૬૦ બીયર ટીન, ૨ મોટર સાયકલ, ૧ સ્કુટર, ૧ ઈકો ગાડી, ૧ ટ્રક, ૧ પીકપ ગાડી. ૧ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૩૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૨૪,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૨૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૨૨/૧૭**

**વસ્ત્રાપુરઃ** હીનાબહેન હેમેન્દ્રભાઇ મોદી (રહે.આનંદમઇ સોસાયટી સાલ હોસ્પીટલ રોડ વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૩/૧૭ રાતના ૯/૩૦ થી તા.૧૨/૩/૧૭ સવારના ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર સાલ હોસ્પીટલ રોડ આદિત્ય કોમ્પ્લેક્ષ ખાતે શ્રી કમ્પાણવાલા ટોય વર્ડ નામની દુકાન નંબર ૫,૬ ના શટરના નકુચા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કાઉન્ટરના ડ્રોવરોના લોક તોડી રોકડ રૂપિયા ૧,૨૩,૦૦૦/- અને રમકડાં કિંમત રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.કે.રાઠોડ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૫૨૩/૧૭**

**ઓઢવઃ** અનિલકુમાર ઇન્દ્રજીત રાય (રહે. ભીલ સોસાયટી સ્વસ્તિક ક્રોસરોડ અમરાઇવાડી) એ તા.૮/૩/૧૭ સાંજના ૬/૦૦ વાગે ઓઢવ તક્ષશીલા રોડ મહેશ્વરીનગરની બાજુમા ગોવર્ધન પાર્ક સોસાયટી બહાર પોતાની સ્વરાજ મઝદા કંપનીની ટ્રક નંબર જીજે ૧ એયુ ૪૧૫૬ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૯/૩/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ અનિલકુમાર રાય એ તા.૧૨/૩/૧૭ નારોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૫૨૪/૧૭**

**સાબરમતીઃ** મહેશભાઇ ગુણવંતભાઈ પંડીત (ઉ.વ.૫૮) (રહે. માણસા ગાંધીનગર) તા.૧૧/૩/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી ટોલનાકા નજીક રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે એસ.ટી.બસ નંબર જીજે ૧૮ યુ ૫૭૭૯ ના ચાલકે બસ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મહેશભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મહેશભાઈનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર મહેશભાઈ પંડીતના સાળા ભાવેશ ભાલચંદ્ર વ્યાસ (રહે. ડી કેબીન સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ મંગુભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)